જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૦૪/૨૦૨૩  બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૬૮૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૭૯ લીટર દેશી દારૂ, ૧૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૨૨ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૬૮૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ-  સમાચાર યાદી નં.૬૮૩/૨૦૨૩

**દાણીલીમડાઃ** ફૈઝાન અબ્દુલરસીદ શેખ (ઉ.વ.૩૦)(રહે.દાદામીયાની ગલી, ચંદન તલાવડી, દરીયાપુર) તા.૨૫/૦૪/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે છ મહિના પહેલા થી તા.૧૮/૦૪/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા કાશીરામ ટેક્ષટાઇલ ની પાછળ આવેલ ફૈઝાનભાઇની "એરમેક્સ કંપની" ખાતે કામ કરતા આરોપી (૧) તૌસીફ હૈદરશાહ દિવાન (રહે.નુરનગર ગોલ્ડન સિનેમાન પાછળ વટવા (સ્ટોરકિપર) અને (૨)હબીબખાન કાસમખાન પઠાણ (રહે.અઝહર પાર્ક નુરનગર મસ્જીદ પાસે વટવા (કોટ્રાક્ટર) એ ભેગામળી ફૈઝાનભાઇની કંપનીમાંથી ન્યુમેટીક સિલીન્ડર બનાવવાના એલ્યુમીનીયમના જુદી-જુદી સાઇઝના મટીરિયલ કંપની બહાર પ્રોસેસ માટે મોકલતા ત્યારે તેમાથી કુલ કિંમત રૂપિયા ૪૦,૧૩,૫૭૫/- મતાનો માલ સામાન પરત નહી કરી ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-**

**સમાચાર યાદી નં.૬૮૪/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સીટીઃ** હિતેશભાઈ ધનાભાઈ ભાટી (ઉ.વ.૧૮)(રહે.મોટાદેવાનોવાસ જોગણી માતાના મંદિરની પાછળ ગુલબાઈ ટેકરા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૪/૨૦૨૩ ના કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાના મોભ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** મોહમ્મદઈમરાન મોહમ્મઉમર અંસારી (ઉ.વ.૩૧)(રહે.બાઈ હલીમાની ચાલી, ઉષા ટોકીઝ સામે, ગોમતીપુર) એ અગમ્ય કારણોસર તા.૨૫/૦૪/૨૦૨૩ બપોરના ૨/૫૦ વાગ્યા પહેલા પોતાની જાતે નદીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

**શાહપુરઃ** અનિતાબહેન વા/ઓ રણજીતભાઇ દાતણીયા (ઉ.વ.૩૫)(રહે.જોગણીમાઁની ચાલી ગાંધીબ્રીજના છેડે શંકરભુવન શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૪/૨૦૨૩ સાંજના ૫/૩૦ પહેલા પોતાની માતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી